**GJVD060006922026**

<u>ફોજદારી પરચૂરણ અરજી નં.૫૯/૨૦૨૬ લગત હુકમ:-</u>

---

(૧)... અરજદાર - **<u>અમિતકુમાર દિનેશચન્દ્ર દોશી, રહે. એ-૧૧૦૩, ૧૩મો ફલોર, શ્રી બાલાજી વિન્ડ પાર્ક, ખરેજ, અડાલજ, ગાંધીનગર</u>** નાઓની હાલની મુદામાલ અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. આ કામે ત.ક.અમલદાર ધ્વારા રજુ થયેલ મુદામાલ અરજી લગત અભિપ્રાય તથા મુદામાલ પંચનામુ તથા મુદામાલ પાવતી વંચાણે લીધી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત રજુઆત સાંભળી.

(૨)... અરજદારની અરજી મુજબ તેઓની માલીકી કબજા ભોગવટાનો **ONE PLUS SIERRA BLACK** મોબાઈલ, જેનો **IMEI NO.867778062784072** ને **જરોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. પાર્ટ-એ ૧૧૧૯૭૦૫૯૨૬૦૦૧૬/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૩૦૩(૨),૫૪** મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે. અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલ પોતાની માલીકીનો હોવા અંગે મુદામાલ મોબાઈલની માલીકી દર્શાવતા પુરાવા તરીકે મોબાઈલ ખરીદી બીલની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લેતા હાલના અરજદારનું નામ માલીકી તરીકે દર્શાવેલ છે. જેથી અરજદાર મુદામાલના માલીકી હોવાનું જણાય છે. આ અરજી ઉપર કરેલ વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લઈએ તો તેઓએ મુદામાલ મોબાઈલની માલીકીની ખરાઈ કરી આરોપીઓ જોડેથી નોકઈલેમ પુરસીસ મેળવી યોગ્ય તે હુકમ

કરવા વિનંતી કરેલ છે. પોલીસે પોલીસ અભિપ્રાય મુજબ મુદ્દામાલ મોબાઇલ અરજદારને પરત નહીં સોંપવા જણાવેલ છે પરંતુ મુદ્દામાલ વધુ તપાસના કામે જરૂર હોય તથા મુદ્દામાલ આપવાથી તપાસ અટકી પડતી હોય તેવી કોઇ રજુઆત નથી. આમ આ સંજોગોમાં, તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જી.એલ.એચ. ૨૦૦૩(૧), પેજ નં.૩૦૭, સુંદર અંબાલાલ દેસાઈ વિરૂ.ધી સ્ટેટ ઓફ ગુજરાતવાળા** ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં લેતાં સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં વધુ સમય પડી રહેશે તો તેના ઇલેકટ્રોનીકસ પાર્ટસને નુકશાન થવાનો સંભવ હોઈ, અરજદારે સદરહુ અરજી રજુ કરી મુદ્દામાલ પરત મેળવવા અરજ ગુજારેલ હોય સદરહું અરજી સંબધે વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલ તેના માલિકને પરત સોપવાનો રહે છે ત્યારે યોગ્ય અને ઉચિત શરતોને આધિન સોંપવાથી ન્યાયની સમતુલા જળવાય રહેશે તેવું મારૂ નમ્રપણે માનવું છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં અરજદારની અરજી ગ્રાહ્ય રાખી બીજો હુકમ થતાં સુધી અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર **અમિતકુમાર દિનેશચન્દ્ર દોશી, રહે. એ-૧૧૦૩, ૧૩મો ફલોર, શ્રી બાલાજી વિન્ડ પાર્ક, ખરેજ, અડાલજ, ગાંધીનગર.ા.** નાઓની મુદ્દામાલ મોબાઇલ પરત મેળવવાની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

અરજદારને **જરોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. પાર્ટ-એ ૧૧૧૯૭૦૫૯૨૬૦૦૧૬/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૩૦૩(૨),૫૪** મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઇલ **ONE PLUS SIERRA BLACK,**

**<u>IMEI NO.867778062784072</u>** ને મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

૧. અરજદારે મુદ્દામાલ મોબાઈલ નામદાર અદાલત તથા તપાસ કરનાર અમલદાર જયાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

૨. અરજદારે મુદ્ધામાલ મોબાઇલ કેસ ચાલતાં દરમ્યાન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવું નહી.

૩. અરજદારે મુદ્ધામાલ મોબાઈલનો કોઈપણ રીતે કોઈપણ પ્રકારે ગુન્હાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહી અને તેની ઓળખ કે સ્વરૂપમાં ફેરફાર કરવો નહી.

૪. અરજદારે નોકલેઇમ પુરસીસ સંબધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરવી તથા જયારે કોઈ મુદ્દામાલ કલેઈમ કરે ત્યારે મુદ્દામાલ હાજર રાખવો.

૫. તપાસના કામે કબજે કરેલ મોબાઈલનો ગુનાના કામે જરૂર હોય તો મોબાઈલના ડેટાની કોપી ત.ક.અ.શ્રીએ જરૂર જણાય તો રાખવી.

૬. અરજદારે પોતાનું કાયમી રહેઠાણનું સરનામુ મોબાઈલ નંબર સહિત પુરસીસથી જાહેર કરવું.

અરજદારે જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

હુકમની ચાદી સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

**આ હુકમ આજરોજ તારીખઃ૨જી, માહેઃમે, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ:૦૨–૦૫–૨૦૨૬
વાઘોડીયા.

**(કિ. એમ. ચાવડા)**
એડીશનલ જ્યુડીશીચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૪૬૪]

S.R.Tadvi